# ટોરેન્ટ પાવર લીમીટેડ
## ગુજરાત વીજનીયમન પંચ સમક્ષ

**છઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫ સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર - ૩૮૨ ૩૫૫**

## જાહેર નોટીસ

૧ ટોરેન્ટ પાવર લીમીટેડ (હવે પછી તેનો ઉલ્લેખ ''ટીપીએલ-ડી'' તરીકે કરાયો છે.) દ્વારા કેસ નંબર ૧૭૬૪/૨૦૧૮ હેઠળ (૧) નાંણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ ના ટ્રુઇંગ અપ (૨) નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વચગાળાની સમીક્ષા અને (૩) નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે અમદાવાદ / ગાંધીનગર સપ્લાય વિસ્તાર માટેના વીજ દર નિર્ધારણ માટેની અરજી દાખલ કરી છે.

૨ જીઇઆરસી (એમવાયટી) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર નાંણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે ટ્રુઇંગ અપ વાસ્તવિક આંકડાઓ મુજબ સુચીત કરવામાં આવેલ છે.

૩ અમદાવાદ / ગાંધીનગર સપ્લાય વિસ્તાર માટે નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની મહેસુલી ખાધ/(પુરાંત)ની ગણતરી નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટેનાં સુધારેલા એઆરઆરના અંદાજો અને વર્તમાન એફપીપીપીએ સહિતના વર્તમાન વીજદરે નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજીત વીજ વેચાણના આધારે અંદાજવામાં આવેલ આવક અનુસાર કરવામાં આવી છે.

૪ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના ટેરિફ નિર્ધારણ માટેની સંચિત ખાધ મહદ અંશે પાછલા વર્ષોની બાકી રહેલ વસૂલાતના કારણે છે. તેથી ટીપીએલ-ડીએ, વીજ દરમાં વધારો કરવાને બદલે, તા. ૧લી એપ્રિલ, ૨૦૧૯થી બે વર્ષના સમયગાળા માટે રૂા. ૦.૨૮ પ્રતિ યુનિટના દરે એડિશનલ ચાર્જ દ્વારા આ સંચિત ખાધની વસૂલાત કરવાનો પ્રસ્તાવ કરેલ છે. આમ, ટીપીએલ-ડીએ નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન રૂા. ૨૨૮ કરોડની વસૂલાત કરવા પ્રસ્તાવિત કરેલ છે.

૫ ટીપીએલ-ડીએ રૂા. ૧.૨૩ પ્રતિ યુનિટના વર્તમાન બેઝ એફપીપીપીએને દરેક ટેરિફ કેટેગરીના એનર્જી ચાર્જમાં સમાવેશ કરવા સૂચવેલ છે. વધુમાં, ટીપીએલ-ડી સ્પષ્ટ કરે છે કે એફપીપીપીએના ભાગને એનર્જી ચાર્જમાં સમાવેશ કરવાથી વીજદરમાં કોઇ વધારો થશે નહીં.

૬ વધુમાં, ટીપીએલ-ડી જણાવે છે કે તેઓએ ઇલેક્ટ્રીસીટી એક્ટ, 2003 અનુસાર મેટ્રો ટ્રેનના હેતુ અને વીજ વપરાશને ધ્યાને લઇ એચટી-મેટ્રો ટ્રેક્શન માટે અલગ કેટેગરી પ્રસ્તાવિત કરેલ છે.

૭ ટીપીએલ-ડીએ સુધારેલા વીજ દરોનો અમલ તા. ૧લી એપ્રિલ, ૨૦૧૯થી કરવા પ્રસ્તાવિત કરેલ છે.

૮ ઓપન એક્સેસ ચાર્જીસઃ ટીપીએલ-ડીએ ઓપન એક્સેસ ગ્રાહકોને લાગુ પડતા વ્હીલિંગ ચાર્જીસ અને ક્રોસ સબસીડી સરચાર્જ નિર્ધારણ કરવા પ્રસ્તાવિત કરેલ છે.

૯ એફપીપીપીએ: બેઝ એફપીપીપીએનો દર રૂા. ૦.૮૬ પ્રતિ યુનિટ પ્રસ્તાવિત છે.

**અરજીની નકલ પ્રાપ્ત કરવા માટેની જોગવાઇ:**

૧૦ નિરીક્ષણ માટે અરજીની નકલો જનરલ મેનેજર (ફાયનાન્સ), ટોરેન્ટ પાવર લીમીટેડ, નારણપુરા ઓફિસ, સોલા રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦013 ની ઓફિસ ખાતે ઉપલબ્ધ છે. વધુમાં, અરજીની નકલ રૂા. ૧૭૦/- રોકડેથી અથવા તો ટોરેન્ટ પાવર લીમીટેડની તરફેણના અને અમદાવાદ ખાતે ચૂકવી શકાય તેવા ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર દ્વારા ઉપરોક્ત સરનામેથી ખરીદી શકાશે. અરજીની નકલ ટપાલથી પ્રાપ્ત કરવા માટે, ટપાલ ખર્ચના રૂા. ૫૦/- (રૂપીયા પચાસ) વધુ ચુકવવાના રહેશે.

૧૧ ઉપરોક્ત અરજીની ઇલેક્ટ્રોનીક નકલ વેબસાઇટ www.torrentpower.com ના રેગ્યુલેટરી સેક્શન પરથી પણ મળી શકશે.

**પ્રતિભાવ રજુ કરવા માટેની માર્ગદર્શિકા:**

૧૨ જીઇઆરસીના નિયમો અનુસાર, આથી જાહેર સૂચના આપવામાં આવે છે કે ઉપરોક્ત અરજી સામે જે કોઇપણ વ્યક્તિને પોતાના વાંધા/સૂચનો રજુ કરવામાં રસ હોય તેઓએ પોતે જેનો આધાર લેતા હોય તે દસ્તાવેજો સાથેની પોતાની અરજી, પાંચ સેટમાં, તેમજ તેના ટેકામાં આવશ્યક એફિડેવીટ સાથે સેક્રેટરી, ગુજરાત વીજનીયમન પંચ, છઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫ સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર ૩૮૨૩૫૫ ને તા. ૧૦મી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ કે તે પહેલા મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે અને તેની એક નકલ નીચે સહી કરનારને પણ મોકલવાની રહેશે.

**ટોરેન્ટ પાવર લીમીટેડ**
''સમન્વય'', ૬૦૦, તપોવન,
આંબાવાડી, અમદાવાદ ૩૮૦૦૧૫
CIN : L31200GJ2004PLC044068
તા. : ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૮

**ટોરેન્ટ પાવર લીમીટેડ**
સહી/-
**વાઇસ પ્રેસીડન્ટ (કોર્પોરેટ અફેર્સ)**

Size: 8 cm (W) x 23 cm (H)_Ahd